મુંબઈ સમાચાર

MUMBAI SAMACHAR
Regd. No. MCS/058/2015-17



# મેટિની



# સ્ટારની માગ, નફામાં ભાગ

### અગાઉ કંપનીના માલિક કલાકારોને મહિનાનો પગાર ચૂકવતા, જ્યારે આજે હીરો ફિલ્મોની આર્થિક સફળતામાં હિસ્સો માગતા થઇ ગયા છે

**કવર સ્ટોરી**

હેન્રી શાસ્ત્રી
henry.shastri@
bombaysamachar.com

**૧૯૩૫માં** કુમુદલાલ ગાંગુલીને જ્યારે સંજોગોએ 'જીવન નૈયા' ફિલ્મના હીરો બનાવી દીધા ત્યારે એમને પડદા પર અશોક કુમાર નામ આપવામાં આવ્યું અને મહિનાનો પગાર ૭૫ રૂપિયા નક્કી કરવામાં આવ્યો હતો. એ સમયે શ્રીમાન ગાંગુલી માટે આ બહુ મોટી રકમ હતી. અશોક કુમાર બની ગયેલા આ અદાકારની સૅલરી સ્લીપમાં એ આંકડો ટૂંક સમયમાં જ ૨૫૦ રૂપિયા પર પહોંચી ગયો. ત્રણ મહિને મળતા હતા એથી વધુ પૈસા મહિનેદાડે મળવા લાગ્યા. બૉલીવૂડના પ્રથમ સ્ટારના બીજ રોપાઈ ગયા હતા. આ એ સમયની વાત છે જ્યારે કલાકાર ફિલ્મ કંપનીનો પગારદાર રહેતો. મલાઈ ફિલ્મ કંપની ખાતી અને પછી તેની મરજી પ્રમાણે બાકીના દૂધનું વિતરણ થતું. હવે ચકરડું ફરી ગયું છે અને સ્ટારલોકો મલાઈ પર હાથ મારતા થઇ ગયા છે અને ફિલ્મ નિર્માતા કે પ્રોડક્શન કંપની એમને એમની ઈચ્છા મુજબનો હિસ્સો લેવા પણ દે છે. મહિનાના પગારથી વાત પહોંચી છે પ્રૉફિટ શેરિંગ પર યાને કે નફામાં હિસ્સો મેળવવા પર.

ગયા વર્ષે આવેલી સલમાનની 'સુલતાન' મબલક કમાણી કરવામાં સફળ રહી. સલમાન એક ફિલ્મ માટે ૫૦-૭૦ કરોડ મહેનતાણું લેતો હોવાનું માનવામાં આવે છે. જોકે, 'સુલતાન' માટે તેણે આમિર ખાનની માફક નફામાં ભાગ માગવાની શરત રાખી જે નિર્માતાએ મંજૂર રાખી. ફિલ્મે બૉક્સ ઑફિસ છલકાવી દેતા સલમાનના ગજવામાં આશરે ૧૨૫ કરોડ જેવી રકમ ઠલવાઇ ગઈ હોવાની ચર્ચા સાંભળવા મળી હતી. હવે આવી વાતોને સત્તાવાર સમર્થન મળવું મુશ્કિલ હી નહીં નામુમકિન હોય છે. અલબત્ત આ ફિલ્મની કમાણીનો આંકડો જોતા સલમાનની રકમ અધધધ ન લાગે. આજની તારીખમાં મોટા ભાગના ટોચના પુરુષ કલાકારો (જી હા, પુરુષ કલાકારો. પ્રિયંકા, આલિયા કે દીપિકાના નસીબમાં હજી સુધી પ્રૉફિટ શેરિંગ નથી) શાહરુખ, સલમાન અને અક્ષય કુમાર મહેનતાણાની એક ચોક્કસ રકમ ઉપરાંત ફિલ્મના નફામાં હિસ્સાની માગણી છેલ્લા કેટલાક સમયથી કરવા લાગ્યા છે. આમિર ખાન આમાં અપવાદ એટલા માટે છે કે એ માત્ર નફામાંથી જ ભાગ માગે છે, મહેનતાણું નથી લેતો. અલબત્ત એની ટકાવારીનો આંકડો ખૂબ મોટો હોય છે અને પોતાની ફિલ્મ કમાણી કરશે એવી એને શ્રદ્ધા અને ખાતરી હોય છે. છેલ્લાં ૧૦ વર્ષનો હિસાબકિતાબ જોતા પલડું એની તરફેણમાં જ નમેલું રહ્યું છે.

જોકે આ પ્રથા વિષે તરફેણમાં અને વિરુદ્ધમાં દલીલો થતી રહી છે. અક્ષય રાઠી નામના વિતરકનું કહેવું છે, 'સ્ટુડિયો નિર્માણમાં સામેલ થયા હોવાથી નાણાંની મુશ્કેલી હળવી બની ગઈ છે અને વળતર માટેની જવાબદારી વિષે ગંભીરતા ઓછી હોવાથી ફિલ્મોની ગુણવત્તા તળિયે જઈ પહોંચે છે. ઘણાં કલાકારો અપેક્ષિત વળતરની સરખામણીમાં વધુ પૈસા માગે છે અને પ્રતિભાશાળી કલાકારોની અછત હોવાથી નિર્માતાઓ એ રકમ ચૂકવી પણ દે છે, કારણ કે ફિલ્મ નિર્માણ એ જ એકમાત્ર વ્યવસાય તેમને આવડતો હોય છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીના ભાવિ માટે આ સારી નિશાની નથી.' અલબત્ત આ પ્રોફિટ શૅરિંગ સાવ નવી વાત નથી. અમિતાભ બચ્ચનની કારકિર્દીનો સૂર્ય ઝળહળા થઇ રહ્યો હતો ત્યારે મહેનતાણા રૂપે કોઈ એક આખી ટેરિટરી (મુંબઈ, પંજાબ, રાજસ્થાન વગેરે)માંથી થતી આવક મહેનતાણા તરીકે લેવાનો આગ્રહ રાખતા. બીજી તરફ 'નો એન્ટ્રી'અને 'વેલકમ' જેવી હિટ ફિલ્મો આપનારા દિગ્દર્શક અનીસ બઝમીના અભિપ્રાય મુજબ નફામાં ભાગની નીતિને કારણે નિર્માતા પર પ્રેશર ઓછું રહે છે. 'જે નિર્માતાઓને નામી દિગ્દર્શક કે ઍક્ટરો પરવડતા ન હોય એમને આ પ્રૉફિટ શેરિંગ વહાલું લાગે છે. જો ફિલ્મ નફો કરે તો જ અભિનેતાને નફામાં ભાગ આપવાનો હોય છે અને જો ફિલ્મ ફ્લૉપ જાય તો અભિનેતાને વધારાના પૈસા નથી મળતા.'

ટોચના અભિનેતાઓ ફિલ્મ નફો કરે તો એમાં ભાગ માગે છે, પણ જો ફિલ્મ નુકસાન કરે તો પીઠ ફેરવી દે છે અને બધું નુકસાન નિર્માતાને માથે આવે છે. તાજેતરમાં અતુલ તપકીર નામના મરાઠી ફિલ્મના નિર્માતાએ તો ફિલ્મ બૉક્સ ઑફિસ પર પિટાઈ જવાથી આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. આ સંદર્ભમાં ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલી એક વ્યક્તિ કહે છે, ' રજનીકાંત એકમાત્ર અભિનેતા છે જે ફિલ્મ ખાડામાં ઊતરી ગઈ હોય તો નિર્માતાને મદદ કરવા સામેથી આવે છે.' 'લિંગા' ફ્લૉપ થઇ ત્યારે રજની સરે ડિસ્ટ્રિબ્યુટરો અને એક્ઝિબિટરોને થયેલા નુકસાનની ત્રીજા ભાગની રકમ પાછી વાળી દીધી હતી. આવી દાનત બીજા કેટલા કલાકારોમાં છે એનો જવાબ મળવો મુશ્કેલ હોઈ શકે છે પણ સમજવો અઘરો નથી. સમજી ગયા ને? ■

# આલિયાની તાલાવેલી

### સામાન્ય ફિલ્મરસિકોની જેમ અભિનેત્રી આલિયા ભટ્ટ પણ 'બાહુબલી-ટૂ' જોઇને પ્રભાવિત થઇ છે અને આ પ્રકારની ફિલ્મ અને એના કલાકારો સાથે જોડાવા તેણે ઉત્સુકતા વ્યક્ત કરી છે

**લાઈમલાઈટ**

શ્રવણ કુમાર
feedback.matinee@
bombaysamachar.com

**આલિયા** ભટ્ટ ઓવારી ગઇ છે. ના, એનો કોઇ જોડે અફેર નથી થયો કે નથી એ કોઇ ભવ્ય હૉલીવૂડની ફિલ્મના પ્રભાવ હેઠળ છે. વાત ઘર આંગણેની છે. દેશભરમાં જ નહીં, બલકે વિદેશમાં પણ હેરત પમાડનારી હજાર કરોડથી વધુ કમાણી કરનારી હિંદીમાં ડબ થયેલી સાઉથના ફિલ્મમેકર એસ. એસ. રાજામૌલિની ફિલ્મ 'બાહુબલિ-૨: ધ કન્ક્લુઝન' જોઇને આલિયાએ એના રીતસરના ઓવારણા જ લીધા છે. ચિત્રપટ જોઇને એણે તરત જ કહી દીધું કે પોતે બાહુબલિનું પાત્ર ભજવનાર અભિનેતા પ્રભાસ સાથે કામ કરવા ખૂબ ઉત્સુક છે. હિંદી ફિલ્મોમાં અભિનેત્રી તરીકે મોભાનું સ્થાન બનાવનાર સાઉથની ફિલ્મથી એટલી ઇમ્પ્રેસ થઇ ગઇ છે કે વાત ના પૂછો. એની રજૂઆતમાં આ વાત ટપકે છે, 'મહાકાય સફળતા મેળવનારી આ ફિલ્મ માટે નવા શબ્દની જરૂર છે, નહીં? પહેલા આપણે સુપરહિટ, સુપરડુપર હિટ કે બ્લૉકબસ્ટર જેવા શબ્દો વાપરતા હતા. હવે 'બાહુબલિ' માટે તો 'રૉકબસ્ટર' શબ્દ વાપરવો જ યોગ્ય કહેવાશે. મને ફિલ્મ બહુ જ ગમી. ભવ્ય અને જાજરમાન નિર્માણ.' પ્રભાસ અને આલિયાને સાથે રૂપેરી પડદા પર જોવા એક લહાવો બની રહેશે એ વાત ચોક્કસ.



મહેશ ભટ્ટની આ પુત્રી પોતાની ગતિએ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આગળ વધી રહી છે અને તેણે પોતાનું અલાયદું સ્થાન બનાવી લીધું છે

આલિયા ભટ્ટ આજકાલ બહુ ખુશ છે એનું એક કારણ પ્રભાસ અને એની ફિલ્મ 'બાહુબલિ' છે એ ખરું, પણ સાથે સાથે મમ્મીને ફરી અભિનય કરતી જોઇને પણ એ હરખાણી છે. સોની રાઝદાન મહેશ ભટ્ટનાં પત્ની અને આલિયાનાં મમ્મી હોવા ઉપરાંત એક કુશળ અભિનેત્રી સુધ્ધાં છે. છેક ૧૯૮૬માં આવેલી 'બુનિયાદ' ટીવી સિરિયલમાં તેમના અભિનયની પ્રશંસા થઇ હતી. ત્યાર બાદ તેમણે કેટલીક ફિલ્મોમાં કામ કર્યું, પણ નિયમિતતા તેમણે જાળવી નહીં. હવે એક અરસા બાદ અભિનય કરતાં ફરી નજરે પડવાના છે અને એ વાતથી જ આલિયાનો હરખ ક્યાંય માતો નથી. મમ્મીને 'લવ કે હૈ ઇંતેઝાર' નામની ધારાવાહિકમાં જોવા આલિયા ભટ્ટ ઉત્સુક છે.

અલબત્ત ઉત્સુકતાનો આ સિલસિલો અભિનેત્રીથી આગળ વધીને તેના ચાહકો સુધી પહોંચે છે. ૨૪ વર્ષની આલિયાએ ફિલ્મ 'ડિયર ઝિંદગી'માં શાહરુખ ખાન જેવા સશક્ત અભિનેતાની હાજરીમાં પણ પોતાની કામગીરીથી દર્શકોને પ્રભાવિત કર્યા એ વાત કેવળ એના માટે જ નહીં બલકે દર્શકો માટે સુધ્ધાં હરખાવાની વાત છે. ત્યાર બાદ રજૂ થયેલી 'બદરીનાથ કી દુલ્હનિયા'માં પણ તેનું કામ લોકોને ગમ્યું અને એને સારો આવકાર મળ્યો. પરિણામે હવે દર્શકો તેની આગામી ફિલ્મોની આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. એમાંની એક ફિલ્મ છે 'ડ્રેગન'. આ ફિલ્મનું જોરશોરથી શૂટિંગ ચાલી રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે એમાં એનો હીરો છે રણબીર કપૂર. ઇન્ડસ્ટ્રીમાં આજકાલ એવી ગુસપુસ ચાલી રહી છે કે આલિયા સાથેની આ ફિલ્મ રણબીરની કારકિર્દીમાં નવો પ્રાણ પૂરનારી સાબિત થઇ શકશે. ફિલ્મ રસિયાઓ એ વાતથી તો સુપેરે પરિચિત છે કે રણબીરના માઠા દિવસો ચાલી રહ્યા છે અને આ ચિત્રપટ એની કરિયરને નવજીવન બક્ષે એવી તાલાવેલી તો સૌ કોઇને હશે. વિશેષ કરીને રણબીર કપૂરને. અને હા, આલિયાએ પોતે કબૂલાત કરી છે કે રણબીરની 'જગ્ગા જાસૂસ' જોવા એ તલપાપડ છે. આ સિવાય આલિયાની છાબડીમાં ઝોયા અખ્તરની આગામી ફિલ્મ 'ગલી બૉય' પણ છે. હા, દર્શકોને પણ આ બધી ફિલ્મો જોવાની તાલાવેલી છે. ■

# પૈસા અને પાત્ર જાય તેલ લેવા

### એક્ટર્સ પાત્રની ગુણવત્તા જોઈને ફિલ્મ સ્વીકારતા હોય છે. જોકે અપવાદ રૂપે ચોક્કસ અભિનેતા સાથે કામ કરવાની ઇચ્છાને લીધે પણ નગણ્ય ભૂમિકાઓ સ્વીકારાઇ છે





**ફોકસ**

હેમંત વૈદ્ય
feedback.matinee@
bombaysamachar.com

**જો** ફિલ્મનું નામ 'મૉમ' હોય અને એની નાયિકા જો શ્રીદેવી હોય તો કોઇ કુશળ કલાકાર એમાં કોઇ પાત્ર ભજવવા તૈયાર થાય ખરો? આવો સવાલ કરવાનું એકમાત્ર કારણ એટલું જ કે મહિલાપ્રધાન વાર્તા, પોતાને કેન્દ્રમાં રાખીને જ ફિલ્મ બનવાની ખાતરી સાથે જ ભૂમિકા સ્વીકારનાર હીરોઇનની હાજરીમાં કોઇ પુરુષ કલાકારની ભૂમિકા તો નગણ્ય જ હોવાની ને! એમાં કોઇને પૂછવા જવાની જરૂર ખરી? એટલે પ્રશ્ન એવો ઊભો થાય છે કે શ્રીદેવીની લીડ રોલ વાળી 'મૉમ'માં નવાઝુદ્દીન જેવા પાત્રની ગુણવત્તા જોઇને રોલ સ્વીકારવાવાળા અભિનેતાએ એ ભૂમિકા શું કામ સ્વીકારી હશે? ફિલ્મનું બૅનર કે નવાઝની ઇમેજ બેઉ કંઇ એવા મહાકાય નથી કે મિસ્ટર સિદ્દીકને જંગી રકમ ઑફર થઇ હોય. નવાઝુદ્દીને આ ફિલ્મ કેવળ એટલા માટે સ્વીકારી છે કે એને શ્રીદેવીની સાથે કામ કરવું હતું. 'મને જ્યારે આ ફિલ્મ ઑફર કરવામાં આવી ત્યારે મેં કંઇ પણ જોયા કે સાંભળ્યા વિના હા પાડી દીધી, કારણ કે મારી ફેવરિટ હીરોઇન શ્રીદેવી સાથે કામ કરવાની તક મળી રહી હતી. આવો મોકો છોડાતો હશે? પૈસા અને પાત્ર ગયા તેલ લેવા.'

વાત આમ છે. કેટલાંક વર્ષો પહેલા એક ફિલ્મ આવેલી 'અજુબા'. એમાં હીરો હતા અમિતાભ બચ્ચન. એમની ફિલ્મમાં મોટેભાગે હીરોઇન શોભાના ગાંઠિયા જેવી રહેતી. હિરોઈન ડિમ્પલ કાપડિયાએ કહ્યું હતું કે 'અમિતજી ફિલ્મમાં હોય એમાં કામ કરવાનું થોડું હોય? હરવા ફરવાનું જ હોય. આ તો અમિતાભ સાથે એક ફિલ્મમાં કામ કરવાનો લહાવો લેવો હતો એટલે આ ફિલ્મ સ્વીકારી.' કરીના કપૂરનું ઉદાહરણ પણ આને મળતું જ આવે છે. 'દિલ સે' ફિલ્મના સિનેમૅટોગ્રાફર સંતોષ સિવને ૨૦૦૧માં 'અશોકા' નામની એક ફિલ્મનું દિગ્દર્શન કરેલું. એ ફિલ્મનો હીરો હતો શાહરુખ ખાન. આ ફિલ્મ હતી ઐતિહાસિક અને અશોક રાજાનો ઇતિહાસ સમૃદ્ધ છે. હવે આવી વાર્તામાં પ્રેમિકાનું કેવું અને કેટલું મહત્ત્વ હોય એ સમજી શકાય. તેમ છતાં શાહરુખ સાથે કામ કરવાની તક મળી રહી હોવાથી કરીનાએ એ ફિલ્મનો મામૂલી રોલ સ્વીકાર્યો હતો.

માત્ર કોઇ કલાકાર સાથે કામ કરવાના મોહને ખાતર ફિલ્મમાં એન્ટ્રી મારી હોય એવા કલાકારોની યાદીમાં હવે સોનમ કપૂરનો પણ ઉમેરો થયો છે. રાજકુમાર હિરાણી સાથે ક્યારે કામ કરવા મળે એ વિશે એ કાયમ ઉત્સુક રહેતી હતી. હિરાણી સાથે કામ કરવાનો મોકો ક્યારેય નહોતો મળ્યો એનો એને રંજ હતો. જોકે હવે તેના અભરખા પૂરા થયા છે અને રાજકુમાર હિરાણીની સંજય દત્તની બાયોપિકમાં એ કામ કરી રહી છે. એવું કહેવાય છે કે ચિત્રપટમાં એની ભૂમિકા કેવળ સાત મિનિટની છે, પણ ઇચ્છા-અરમાનો પૂરાં થતાં હોય ત્યારે રોલની લંબાઇ કે ચેકની રકમ કોણ જુએ? ■

# રજવાડી રથને ચૅલેન્જ ફરારીની



૧૯૫૯માં આવેલી અને ખૂબ ગાજેલી ફિલ્મ 'બેન હર' જો તમે જોઈ હશે તો એની ચેરિયટ રેસ તો તમે નહીં જ ભૂલ્યા હો. તાજેતરમાં રજવાડી રથ અને ફરારીની હરીફાઇ યોજવામાં આવી



૧૯૫૯ની 'બેન હર'

**વિશેષ**

મનોજ કાપડિયા
feedback.matinee@
bombaysamachar.com

**જાણીતા** ફિલ્મ દિગ્દર્શક વિલિયમ વાયલરની ખૂબ વખણાયેલી અને ખૂબ ગાજેલી ૧૯૫૯ની હૉલીવૂડ ફિલ્મ 'બેન હર' ૧૯૦૩ અને ૧૯૨૫માં એ જ નામે બનેલી મૂંગી ફિલ્મોની રિમેક હતી. ત્યાર બાદ ૨૦૦૩માં એ નામની ઍનિમેટેડ ફિલ્મ પણ આવી ગઇ. ગયા વર્ષે પાંચમી રિમેક આવી જે કમનસીબે બૉક્સ ઑફિસ પર ઊંધે માથે પટકાઇ હતી. ૨૦૧૬ની આ ફિલ્મમાં ફરારીની સમકક્ષ લાગે એવા રજવાડી રથ યાને કે ચેરિયટ બનાવવા જેવા કેટલાક કીમિયાઓ કરવામાં આવ્યા, પણ દર્શકોએ એ ફિલ્મને જાકારો આપી દીધો.

૧૯૫૯ની 'બેન હર'નો હીરો ચાર્લ્ટન હેસ્ટન હતો જે દર્શકોમાં ખાસ્સો લોકપ્રિય થયો હતો. જોકે, હકીકત એ છે કે આજે દર્શકો ફિલ્મ અને એની વાર્તા ભૂલી ગયા હશે, પણ એની રૂંવાડાં ઊભા કરી દેનારી ચેરિયટ રેસ આજે સુધ્ધાં સ્મૃતિપટ પર સચવાઇને પડી હશે. પડદા પર ૧૧ મિનિટ સુધી નજરે પડેલી આ રેસનું શૂટિંગ કરતા ત્રણ મહિના લાગ્યા હતા અને બજેટનો ચોથો ભાગ એના શૂટિંગમાં જ ખર્ચાઇ ગયો હતો. આ ફિલ્મે કુલ ૧૧ ઑસ્કર અવૉર્ડ મેળવ્યા હતા.

ફિલ્મો એ સમાજમાં બનતી ઘટનાનું પ્રતિબિંબ માનવામાં આવે છે. જોકે, આજે આપણે વાત કરીએ છીએ એ ફિલ્મ પરથી પ્રેરણા લઇને બનેલી એક ઘટનાની વાત છે. ફેબિયો બૅરોન નામના એક તરંગી મિજાજના શખ્સને રોમન શૈલીના એ રજવાડી રથની રેસ યોજવાની ઇચ્છા થઇ. જોકે, તેમણે એ હરીફાઇ અન્ય રથ સાથે નહીં, પણ ફરારી કાર સાથે રાખવાનું નક્કી કર્યું. રેસ માટે ૨૦૧૬ની રિમેક માટે વપરાઇ હતી એ જગ્યાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૪૪ વર્ષના બૅરોને પોતે ફરારી ચલાવી હતી. આ રેસ છેવટની ક્ષણ સુધી ઉત્તેજના કાયમ રાખી શકી હતી અને કેવળ થોડી સેકંડોના તફાવતથી ફરારી એ રજવાડી રથને માંડ માંડ પરાજિત કરી શકી હતી. રેસના પટ પર જે માટી પાથરવામાં આવી હતી એમાં બ્રેક મારવામાં તકલીફ પડવાથી પહેલા લૅપ પછી તો મિસ્ટર બૅરોને બ્રેક મારવાનું જ છોડી દીધું હતું. હવે આ અનોખી સિક્વન્સ મિસ્ટર બૅરોન એજન્ટોને બતાવી રહ્યા છે એ આશા સાથે કે એ જોઇને કોઇને 'બેન હર'ની વધુ એક રિમેક બનાવવાનું મન થાય. આશા અમર છે. ■